# મોડાસા લઘુમતી સમાજનો હુંકાર : પીછેહટ નહિ, સજ્જડ બંધ

## સીએએ અને એનઆરસી મામલે ધરણા યોજ્યા

મોડાસા, તા. ૨૯

સીએએ અને એનઆરસીના વિરોધમાં રાષ્ટ્રીય બહુજન ક્રાંતિ મોરચા સહીત વિવિધ રાષ્ટ્રવ્યાપી સંગઠનો દ્વારા અપાયેલ ભારત બંધના એલાનને અરવલ્લી મુસ્લિમ કો-ઓર્ડિનેશન કમિટી, દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. મોડાસા શહેર સહીત જીલ્લાના મુસ્લિમ સમાજના ધંધાર્થીઓએ પોતપોતાના ધંધા રોજગાર બંધ રાખી વિરોધમાં જોડાયા હતા.

ધી ઘાંચી હાઈસ્કૂલ સામેના મેદાનમાં દિવસભર ધરણા યોજી વિરોધ નોંધાવ્યો હતો. અરવલ્લી મુસ્લિમ કો-ઓર્ડિનેશન કમિટીએ સીએએ અને એનઆરસી મામલે ગૃહમંત્રી અમિત શાહે એક ઈંચ પણ સરકાર પીછેહટ નહિ કરે ના નિવેદન સામે હુંકાર કરી એક સેન્ટિમીટર પણ પીછેહટ નહિ કરેનો હુંકાર કરી આગામી દિવસોમાં કાયદો રદ નહિ થાય ત્યાં સુધી વિરોધ પ્રદર્શન યથાવત રહેશેનો નીર્ધાર વ્યક્ત કર્યો હતો. પોલીસતંત્રએ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં મુસ્લિમ સમાજ સિવાયના તમામ ધંધા રોજગાર ખુલ્લા રહેતા બંધને આંશિક સફળતા મળી હતી.






બુધવારે સીએએના સર્મથનમાં અપાયેલ બંધને અરવલ્લી મુસ્લિમ કો-ઓર્ડિનેશન કમિટી, મોડાસા દ્વારા સમર્થન કરવામાં આવતા મોડાસા શહેરમાં આવેલી તમામ લઘુમતી સમાજની દુકાનો બંધ રહી હતી. મખદૂમ ચોકડી, કોલેજ રોડ, માર્કેટયાર્ડ વિસ્તાર સહીત લઘુમતી વિસ્તારમાં જનતા કર્ફ્યુ અને સજ્જડ બંધ જોવા મળ્યો હતો. મોડાસા શહેરની કોલેજ પાછળ આવેલી ધી ઘાંચી હાઈસ્કૂલના મેદાનમાં ધરણા યોજ્યા હતા.

ધરણા પ્રદર્શનમાં ત્રિરંગા અને વિરોધ પ્રદર્શન કરતા બેનર જોવા મળ્યા હતા. દેશના કેટલાક ભાગમાં જ્યારે હિંસક આંદોલન થઈ રહ્યા છે ત્યારે મોડાસા શહેરમાં મુસ્લીમ સમાજે શાંતીપૂર્ણ બંધ પાળીને સમગ્ર દેશના મુસ્લીમ સમાજને ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

# પ્રાંતિજ ખાતે સીએએ-એનઆરસીના વિરોધમાં મુસ્લિમ સમાજે બંધ પાળ્યો



પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ સીએએ અને એનઆરસીના વિરોધમાં મુસ્લીમ સમાજના લોકોએ સજ્જડ બંધ પાડયું હતું અને સીએએ અને એનઆરસીનો વિરોધ કર્યો હતો. હિન્દુ ધર્મના લોકોએ રાબેતામુજબ ધંધા રોજગાર ચાલુ રાખ્યા હતા. બહુજન કાંતિ મોરચા દ્વારા ભારત બંધનું એલાન સાથે મુસ્લીમ સમાજના વિવિધ સંગઠનો દ્વારા પણ બધનું એલાન આપવામાં આવ્યું હતું જેને લઈને ગુજરાતમાં પણ વિવિધ શહેરોમાં વિસ્તારોમાં બંધની અસર જોવા મળી હતી તો સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ મુસ્લીમ સમાજના લોકો વેપારીઓ દ્વારા વહેલી સવારથી સીએએ અને એનઆરસીના વિરોધમાં પોતાના ધંધા રોજગાર બંધ પાડ્યા હતા અને વિરોધ નોંધાયો હતો. પ્રાંતિજ સહિત તાલુકામાં મુસ્લીમ સમાજના વેપારીઓ દ્વારા ધંધા રોજગાર બંધ પાડતાં પ્રાંતિજ ખાતે સજજડ બંધ જોવા મળ્યું હતું તો પ્રાંતિજ ખાતે હિંદુ સમાજના વેપારીઓ દ્વારા તેમના ધંધા રોજગાર ચાલું રાખી ને સીએએ અને એનઆરસીને સમર્થન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ ખાતે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પ્રાંતિજ પીઆઈ એમ.ડી. ચંપાવત દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકાઈ દેવામાં આવ્યો હતો તો મુસ્લિમ સમાજ દ્વારા પણ શાંતિપૂર્ણ વાતાવરણમાં બંધને સમર્થન આપવાની ખાતરી આપી હતી.

## અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ કોરોના વાઈરસને પગલે સતર્ક

મોડાસા, તા. ૨૯

હાલમાં સમગ્ર વિશ્વમાં કોરોના વાઈરસના ઈન્ફેક્શને ભારે હાહાકાર મચાવ્યો છે. જેના પગલે દેશભરના એરપોર્ટ પર સરકાર દ્વારા આરોગ્ય ટીમો પહોંચાડી દેવામાં આવી છે. અને વિદેશથી તેમાંય ખાસ ચીનથી આવતા લોકોને એરપોર્ટ ઉપર જ અલાયદી



જગ્યાએ સીફ્ટ કરીને તેઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી રહી છે. અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગ કોરોના વાઈરસ સામે સતર્ક બન્યું છે. કોરોના વાઈરસના ભય હેઠળ આગોતરા પગલાં ભરવા ખૂબ જ જરૂરી છે. જેના પગલે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં, એઈમ્સ અને બાયડ નજીક વાત્રક હોસ્પિટલમાં કોરોના વાઈરસના દર્દી માટે આગોતરા પગલાંના ભાગરૂપે આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. ૫ આઈસોલેશન વોર્ડ, ૮ વેન્ટિલેટર અને ૧૨ બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે જેથી કોઈ શંકાસ્પદ દર્દી જણાય તો તાત્કાલીક તેને આ વોર્ડમાં દાખલ કરીને તેની સઘન સારવાર થઈ શકે તેવું જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ.અમરનાથ વર્માએ જણાવ્યું હતું.

## માલપુરના સગીર પ્રેમી યુગલે રવિવારે ઘર છોડ્યું...

# ૬૦ કલાક પછી ગેલીમાતાના મંદિર પાછળ ડુંગર પર ઝાડ પર લટકતા મૃતદેહ મળતા ચકચાર

મોડાસા, તા. ૨૯

આજની ૨૧મી પેઢી પશ્ચિમી સંસ્કૃતિનું આંધળુ અનુકરણ કરી રહી છે. મોબાઈલ અને ઈન્ટરનેટના યુગમાં સગીર વયના યુવક-યુવતીઓમાં એકબીજા પ્રત્યે આકર્ષણ થયા પછી સતત સંપર્કમાં રહેતા એકબીજામાં ઓતપ્રોત રહેતા દુનિયાદારીનું ભાન ભૂલી જતા હોય છે. આજના સમયમાં પ્રેમ સબંધમાં ભાગી જઈ લગ્ન કરવાની યુવક-યુવતીઓમાં હોડ જામી છે. અરવલ્લી જીલ્લાના માલપુરમાં સગીર પ્રેમી યુગલ રવિવારે ઘર છોડી નીકળી ગયા બાદ મંગળવારે ગેલીમાતાના મંદિર પાછળના ડુંગર પર ઝાડ પરથી લટકતા સગીર યુવક-યુવતીના મૃતદેહ મળી આવતા ભારે



ચકચાર મચી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરી બંને મૃતદેહને માલપુર સરકારી દવાખાને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ માલપુર નગરમાં રહેતા ૧૭ વર્ષીય સગીર યુવકને નજીકના વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષીય સગીરા સાથે પ્રેમ થતા એકબીજાના પ્રેમમાં ઓતપ્રોત બન્યા હતા. આ પ્રેમી યુગલ સાથે જીવવા મરવાના કોલ પણ આપ્યા હતા ત્યારે સમાજ પ્રેમી યુગલને નહી સ્વીકારે અને એક-બીજાને ભેગા રહેવા નહી દે એવો અહેસાસ થતા સગીર પ્રેમી યુગલે બન્નેએ સાથે જીવી નહી શકાય.

પરંતુ બન્ને સાથે તો મરી જ શકાય એવો નિર્ણય લઈને રવિવારે ઘરેથી નીકળી ગયા પછી માલપુર નજીક આવેલા ગેલી માતાના મંદિરના ડુંગર પર ઝાડ સાથે દોરડું બાંધી બન્ને સજોડે આત્મહત્યા કરી લેતા બન્ને પ્રેમી યુગલે પ્રેમનો અંત લાવતા માલપુર ગામમાં અને સગીર યુવક-યુવતીના પરિવારજનોમાં ભારે હાહાકાર મચી ગયો છે. માલપુર પોલીસે બંને મૃતક સગીર યુવક-યુવતીના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ગેરકાયદેસર ખનીજ વહન અટકાવવામાં નિષ્ફળ નિવડેલ

## જિલ્લા ખાણ ખનીજ વિભાગને શુષુપ્ત અવસ્થામાંથી જગાડવાનો પ્રયાસ

અરવલ્લી જિલ્લામાં ખનીજ માફિયાઓ ખાણ ખનીજ તંત્રની મીઠી નજર હેઠળ બેફામ બની કુદરતી સંપત્તિને લૂંટી રહ્યા છે. મળતી માહિતી અનુસાર જિલ્લા ખાણ ખનીજ તંત્રના ભ્રષ્ટાચારી કામગીરીના પગલે કેટલાક ખનન માફિયાઓ કોઈ પણ પ્રકારની મંજૂરી કે લીઝ વગર મનફાવે ત્યાં ધાપ બોલાવી ખનીજ ચોરી કરી રહ્યા છે. ત્યારે તાજેતરમાં નિમાયેલ મોડાસા મામલતદારે ઓવરલોડ અને પાસ પરમિટ વિના ગેર કાયદેસર ખનીજ વહન કરતા ટ્રક-ડમ્પરો ઝડપી લેતા જિલ્લા ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગ દોડતુ થયુ હતું.

અરવલ્લી જિલ્લામાં કેટલાક ખનીજ માફિયાઓ તો જિલ્લા ખાણ ખનીજ અધિકારીની છત્રછાયા નીચે રેતી અને કાંકરાની ચોરી કરી નદીઓના પટ સાફ કરી નાખ્યા છે. ડુંગરો-ડુંગરીઓના અસ્તિત્વ સામે ખતરો પેદા થયો હોય તેમ જમીનદોસ્ત કરી મોટા પ્રમાણમાં પથ્થરો સહીત ખનીજ ચોરી કરી રહ્યા હોવા છતાં જિલ્લા ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું એકલદોકલ કેસ કરી સંતોષ માને છે. હાલ પરિસ્થિતિ એવી છે કે રોજ ચારથી પાંચ ટ્રક-ડમ્પર પર ઓવરલોડ કે પાસ પરમિટ વિના ગેર કાયદેસર ખનીજ વહન કરવાના કેસ કરવામાં આવે તો પણ ઓછા છે કે કેમ દર ત્રણે એક ટ્રક કે ડમ્પર ગેર કાયદેસર ખનીજની હેરાફેરી કરે છે.

આ વર્ષની શરૂઆતમાં જિલ્લા ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાને સુષુપ્ત અવસ્થામાંથી જગાડવાનો પ્રયાસ નવનિયુક્ત મોડાસાના મામલતદારે કર્યો હતો. મોડાસાના મામલતદાર અરૂણ એસ. ગઢવીએ ચાર દિવસમાં ચાર ઓવરલોડ અને પાસ પરમિટ વિના ગેર કાયદેસર ખનીજ વહન કરતા ટ્રક-ડમ્પરો ઝડપી સપાટો બોલવતા જિલ્લા ભુસ્તરશાસ્ત્રી સફાળા જાગ્યા હતા.

# વડગામમાં ભારત બંધના એલાનને મોળો પ્રતિસાદ





વડગામ, તા. ૨૯

સીએએ-એનઆરસી કાયદાના વિરોધમાં આજે અપાયેલા ભારત બંધના એલાનને વડગામમા મોળો પ્રતિસાદ મળ્યો હતો જ્યારે વડગામ તાલુકાના છાપી વિસ્તારમાં લઘુમતી સમાજના લોકોએ સજ્જડ બંધ પાળીને બંધના એલાનને સમર્થન કરાયું હતું. સીએએ-એનઆરસી કાયદાના વિરોધમાં દલીત સહીત રાષ્ટ્રીય સંગઠન-ભીમ આર્મી ઉપરાંત લઘુમતી સંસ્થાઓ દ્વારા ૨૯ જાન્યુઆરીએ ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેના પગલે વડગામ સવારથી જ બંધના એલાનને મોકળો પ્રતિસાદ મળ્યો હતો. લોકો દ્વારા નાની મોટી દુકાનો ચાલુ રખાતા બંધના એલાનને મોળો પ્રતિસાદ મળ્યો હતો. જયારે વડગામ તાલુકાના સૌથી વધુ લઘુમતી સમાજના લોકો વસવાટ કરતા છાપી પંથકમાં લઘુમતી સમાજના તમામ લોકોએ પોતાના નાના મોટા તમામ ધંધા રોજગાર બંધ રાખીને ભારત બંધના એલાનને સજ્જડ બંધ રાખીને સમર્થન કરાયું હતું. આમ વડગામ પંથકમાં બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.